અપીલ અરજી નં.૩૨૪ તા.૩–૨–૦૯

અરજદારઃ શ્રીગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૬–૧–૦૯ ની અરજીથી ચોકબજાર કિલ્લાના મેદાનની ફુટપાઠ પર વિકલાંગના નામે આવેલ ઝેરોક્ષ તેમજ કોમ્પ્યુટર ટાઈપની કેબીન કેટલાબાઈ કેટલાની આપવામાં આવી છે જે અંગે મુદ્દા નં. ૧ થી ૭ ની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૪/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૬–૧–૦૯ ની અરજીથી ચોકબજાર કિલ્લાના મેદાનની ફુટપાઠ પર વિકલાંગના નામે આવેલ ઝેરોક્ષ તેમજ કોમ્પ્યુટર ટાઈપની કેબીન કેટલા બાઈ કેટલાની આપવામાં આવી છે જે અંગે મુદ્દા નં.૧ થી ૭ ની વિગત આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન નં.સીઝેડ/આરટીઆઈ/૧૩૨૮ તા.૨–૨–૦૯થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૪ થી ૭ ની માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૩ તા.૧૨–૨–૦૯થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી પૂરક માહિતી મળેલ નથી. પરંતુ અરજદારે અરજી સાથે તેમને મળેલ માહિતીના કાગળોની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૪ થી ૭ અંગે અપીલ કરવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૫ અને ૬ ની માહિતી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ છે. જે અંગે અરજદારે જવાબ ખોટો છે તે અંગે કોઈ વાજબીપણું આધાર રજુ કરેલ નથી. જયારે મુદ્દા નં.૪ અને ૭ સે.ઝોન/આરટીઆઈ/૧૨૯૪ તા. ૨૨–૧–૦૯ થી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે જે અંગે મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક ધ્વારા તેમના પત્ર નં.ટીપીડી/આ.નં.૭૧૦૨ તા.૨–૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને નિકાલ માટે અરજી પરત તબદીલ કર્યાનું જણાય છે. જે અંગે સેન્ટ્રલ ઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પાડવાની રહે છે તે સેન્ટ્રલ ઝોન કક્ષોએથી પૂરી પડાયેલ જણાતું નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૬–૧–૦૯ ની અરજીથી માંગ્યા મુજબ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી પૈકી મુદ્દા નં.૪ અને ૭ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ ન હોઈ આરટીઆઈના કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી કલમ–૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૩)શ્રી ગુલામભાઈ મેમણ,